# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૮

જન્યુઆરી-2022

# પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ..................... એ જડતાનો માર્ગ છે.

૨. પં. જગચ્ચંદ્ર ગણિએ આચાર્ય ..................... ની સેવામાં રહી જિનાગમોનું વિશાળ અને તલસ્પર્શી જ્ઞાન સંપાદન કર્યું.

૩. કેવલી સમુદ્દ્ઘાત પછી કેવલી ભગવંતને ..................... નામનું શુકલધ્યાન હોય છે.

૪. જૈન શ્રમણ પરંપરામાં ............................. નું નામ એક મહાન ક્રિયોદ્ધારક તરીકે આવે છે.

૫. શાકંભરી નગરીમાં કોઈ કારણે કુપિત થયેલી શાકિનીએ ................... નો ઉપદ્રવ ફેલાવ્યો.

૬. જીવની શિવયાત્રા ........................ કારણોથીજ સફળ બને છે.

૭. મુનિ યશોવિજયજીએ સો ગ્રંથોની રચના કરી એટલે કાશીના વિદ્વાનોએ એમને ................. અને "ન્યાયાચાર્ય" આ બે માનવંતા બિરૂદ આપ્યા હતા.

૮. નારકીના જીવો ક્યારે પણ એકેન્દ્રિય કે ...................... ન જ જાય.

૯. સર્વ દેવસમુહના સ્વામીઓ થી વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા ...................... અને વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં તત્પર એવા શ્રી શાંતિનાથને સદા નમસ્કાર હો.

૧૦. કેવલજ્ઞાની ભગવંત કેવલી સમુદ્દ્ઘાત કરતા હોય ત્યારે પહેલા અને આઠમા સમયે ............... યોગવાળા હોય છે.

૧૧. જીવ જ્યારે .................... ને જાણે છે, સમજે છે ત્યારે એની આજ્ઞા પાલન માટે હૃદય માં અત્યંત ઉત્કૃષ્ટ ભાવ હોય છે.

૧૨. આ. પાર્શ્વચંદ્રસૂરિ કેવળ પ્રચારક ન હોતા ....................... પણ હતા.

૧૩. જ્યારે જીવનો ભવસ્થિતિનો પરિપાક થશે ત્યારેજ જીવ ..................... કાળમાં પ્રવેશ કરશે.

૧૪. આપણને શુભગતિ જોઈતી હોય તો ...................... કરવાજ પડે.

૧૫. પૃથ્વીકાયાદિ દસ પદોમાંથી નિકળેલા જીવો ........................... અને વાયુકાયને વિષે ઉત્પન્ન થાય છે.

૧૬. નિયતિવાદની પ્રરૂપણા કરીને મંખલિપુત્ત ગોશાળાએ ................... મત પ્રવર્તાવ્યો.

૧૭. નામમંત્રવાળા વાક્યપ્રયોગો વડે તુષ્ટ કરાયેલી ....................... લોકોનું હિત કરે છે.

૧૮. ઓષ્ઠ્ય વ્યંજનનો ઉપયોગ કર્યા વગર કરવાના ..................... વાદમાં પૂ. યશોવિજયજી મ. એ ખંભાતમાં વિજયની વરમાળા વરી હતી.

૧૯. આત્મા સ્વ સ્વભાવમાં રહેલા આત્મપ્રદેશોને સાત કારણથી પર માં પરિણમાવે છે એને .................... કહે છે.

૨૦. શ્રી .......................... ની પાટ પરંપરામાં શ્રી જગચ્ચંદ્રસૂરિ ૪૪ મા પટ્ટધર હતા.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. શેના સ્વીકારથી જીવ પાપના પંથે પ્રયાણ કરે છે ?

૨. મહોપાધ્યાય યશોવિજયજી મ.નું સમાધિ મંદિર ક્યાં છે ?

૩. શ્રી માનદેવસૂરિએ કયું મંત્રયુક્ત ચમત્કારી સ્તોત્ર બનાવ્યું ?

૪. કેવળજ્ઞાનને વ્યવહારથી શેની ઉપમા આપી છે ?

૫. સાધકનું મુખ્ય લક્ષ્ય શેની પ્રાપ્તિનું છે ?

૬. પૂ. યશોવિજયજી મહારાજે ગંગાનદીના કિનારે શેનો જાપ કર્યો ?

૭. કેવળ કાર્મણ કાયયોગ હોય ત્યારે કેવળી કેવા હોય છે ?

૮. યોગીઓના સ્વામી કોણ છે ?

૯. મોક્ષ પ્રાપ્તિ માટે અનુકુળ કાળ કયો છે ?

૧૦. સમુદ્દ્ઘાતના સાતમા સમયે શું સંહરે ?

૧૧. જીવને ગતિ શેના અનુસાર મળે છે ?

૧૨. નિયતિવાદને માનનારા કોને માનતા નથી ?

૧૩. કેવી આરાધના પૂ. પાર્શ્વચંદ્રસૂરિના જીવનમાં વણાયેલી હતી ?

૧૪. તીર્થંકર પરમાત્મા કેવા આયુષ્યવાળા હોય છે ?

૧૫. "સન્મતિતર્ક" ના રચયિતા કોણ છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) સમન્વિત ૨) હસ્તસ્થ ૩) મજઝે ૪) સેસેસુ ૫) જંતિ ૬) લભતે ૭) વેધતે ૮) અમર ૯) એવમ્ ૧૦) ઉવવજ્જંતિ
૧૧) વપુર્યોગ ૧૨) નુતા ૧૩) દગ ૧૪) મહીપીઢે ૧૫) તહેવ ૧૬) કૃતતોષા ૧૭) કૃત્વા ૧૮) ભાસ્કર ૧૯) મન્યાન
૨૦) વિવજ્જિયા

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | | B | |
|---|---|---|---|
| ૧) | કર્મક્ષય | ૧) | વીશ સ્થાન |
| ૨) | છદ્મસ્થ સાધુનું મનસ્થિર | ૨) | તપાગચ્છ પ્રવર્તક |
| ૩) | બિચતિ | ૩) | વનસ્પતિકાય |
| ૪) | તીર્થંકર નામકર્મ | ૪) | નાડૂલ |
| ૫) | દેવતાની ગતિ | ૫) | આત્મવીર્ય |
| ૬) | પૃથ્વીકાયાદિ દસ પદમાં | ૬) | અતિશય અગિયાર |
| ૭) | કેવલી સમુદ્ઘાત | ૭) | ભાગ્ય |
| ૮) | વીરદત્ત | ૮) | પર્યાપ્ત બાદર અપકાય |
| ૯) | શ્રી જગચ્ચંદ્રસૂરિ | ૯) | આઠ સમય |
| ૧૦) | કષાય ક્ષય | ૧૦) | ધ્યાન |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કેટલા મહિનાથી અધિક આયુષ્યવાળા કેવળજ્ઞાની નિયમા સમુદ્ઘાત કરે છે ?
૨. દેવકૃત અતિશય કેટલા છે ?
૩. જેના અંતે "રહસ્ય" શબ્દ છે એવા મહોપાધ્યાયના ગ્રંથ કેટલા ?
૪. કેટલા કારણથી જીવ સમુદ્ઘાત કરે ?
૫. શ્રી પાર્શ્વચંદ્રસૂરિનો દીક્ષા પર્યાય કેટલા વરસનો હતો ?
૬. વીરા દિશાપાલે કેટલા અંગો ટીકા સહિત લખાવ્યા ?
૭. ઉનાવામાં કેટલા સોનીના ઘરોએ જૈન ધર્મ સ્વીકાર્યો ?
૮. શ્રી જગચ્ચંદ્રસૂરિએ કેટલા વરસ આયંબીલ તપની આરાધના કરી ?
૯. આ અભ્યાસમાં શ્રી શાંતિનાથ ભગવાનના કેટલા વિશેષણો જણાવ્યા છે ?
૧૦. શ્રી જગચ્ચંદ્રસૂરિએ આઘાટપૂરમાં કેટલા દિગંબરાચાર્ય સાથે વાદ કર્યો હતો ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✔ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. કાળ અને સ્વભાવ અનુકુળ હોય તો કાળની પરિપકવતા વિના પણ કાર્યસિદ્ધિ થાય છે.
૨. પાર્શ્વનાથ પ્રભુ સમગ્ર ભય સમુહનો નાશ કરનાર છે.
૩. આત્મપ્રદેશો ફેલાવવામાં આવે તો કર્મની સ્થિતિ અલ્પ થઇ શકે છે.
૪. જૈન શ્રમણ પરંપરામાં શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીનું નામ એક મહાન ક્રિયોદ્ધારક તરીકે આવે છે.
૫. પૃથ્વીકાયાદિ દસ પદોમાં દેવ અને નારકીનો સમાવેશ થતો નથી.
૬. મહોપાધ્યાય યશોવિજયજી મ. એ "પૂજા શતક", "વિધિશતક", ઉપદેશસાર" આદિ ગ્રંથો રચ્યા છે.
૭. નારકીના જીવો એકેન્દ્રિયમાં ઘણો કાળ ભમી પછી મનુષ્ય બને છે.
૮. ફકત શુદ્ધ ભાવનાથી જ સંતોષ માની બેસે એની ભાવશુદ્ધિ સાચી હોઇજ ન શકે.
૯. વિજયા (જયા) દેવી લાભ કરનારી છે તેથી તે પણ અહીં પ્રસંગાનુસાર સ્તવાયેલી છે.
૧૦. ધર્મ દેશના આપવામાં અગ્લાન બનીને પ્રભુ તીર્થંકર નામ કર્મ ભોગવે છે.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. આત્મવંચનાથી પોતાની આંખમાં ધૂળ નાંખી શકાય છે.
૨. સૂરિજી તપસ્વી, બ્રહ્મચારી અને મંત્રસિદ્ધ મહાપુરુષ હતા.
૩. સ્વાધ્યાય અને કાયોત્સર્ગ તેમની પ્રમુખ સાધના હતી.
૪. ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો સાતે નરકમાં ઉત્પન્ન થઇ શકે છે.
૫. કેવળજ્ઞાનથી તો સમસ્ત લોક અને અલોક પણ પ્રકાશિત થાય છે.
૬. જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે અને કરશે.
૭. આ સમયે મુનિસમુદાયમાં કાળબળે ક્રિયા શિથિલતા વ્યાપી રહી હતી. તે દૂર કરવા તેઓ ચિંતિત અને ઉત્સુક હતા.
૮. જિન એટલે સામન્ય કેવળી એમાં ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર.
૯. પુરુષાર્થની ગૌણતા પ્રાયઃ શુભ કાર્યો તરફ છે અશુભ કાર્યો તરફ નહીં.
૧૦. શાંતિના અધિપતિ એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. શ્રી શાંતિનાથ પ્રભુની વિશેષતાઓ. ૨) પૃથ્વીકાયાદિ દસ પદો અને એમની ગતિ, આગતિ.
૩. કેવલી સમુદ્ઘાત ૪) મહોપાધ્યાય યશોવિજયજીની જ્ઞાન સાધના ૫) કાર્યસિદ્ધિના છેલ્લા ત્રણ કારણ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com